।। શ્રી મહાવીરાય નમઃ।।

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail.com

**૧૬ જુલાઈ ૨૦૨૩ – મહિલા મંડળ** **શ્રેણી – ૨૪** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

---

(૨૦)

**પ્ર. ૧ (અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

**(૧) માત્ર સંખ્યા લખો.**

૧. વિરાધનાના પ્રકાર ૨. જ્ઞાતાધર્મકથાના અધ્યયન ૩. તિર્યંચના અતિચાર ૪. અરિહંતના લક્ષણ

**(૨) નીચેના શબ્દો શુદ્ધ છે કે અશુદ્ધ? અશુદ્ધ હોય તે સુધારીને લખો.**

૧. નમો ઉવઝાયાણં ૨. પરિયટ્ટણાએ ૩. સનિવાઈયં ૪. માલાવક્ષગ

**(૩) નીચેના વાક્ય કયા અતિચાર માટે બંધબેસતા છે?**

૧. હાથીને જાળમાં ફસાવ્યા હોય.
૨. હાથી પર બેસીને પૂર્વ દિશામાં મર્યાદા ઓળંગી હોય.
૩. હાથી દાંતની બંગડીનો વેપાર કર્યો હોય.
૪. કર ભર્યા વગર હાથીને લઈ આવ્યા હોય.

**(૪) નીચેના શબ્દ કયા પાઠના છે? એ પાઠના નામ સહિત લખો.**

૧. વેર ૨. સંજ્ઞા ૩. સિવ ૪. સુએ

**(૫) મનનો પાંચમો, વચનનો છટ્ઠો, કાયાનો સાતમો અને દશમો દોષ લખો.**

**(આ) આવશ્યક સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (માત્ર જવાબ લખવા.)** **(૧૦)**

૧. પ્રથમ ત્રણ આવશ્યકથી શું તૈયાર થાય છે?
૨. ભાવ પ્રતિક્રમણ કરનાર શેનું પુનરાવર્તન કરતો નથી?
૩. પ્રતિક્રમણના અધિકારી કોણ છે?
૪. કાયોત્સર્ગની સાધના દ્વારા જીવ શેમાં પુરુષાર્થ કરે છે?
૫. નિર્વિકૃતિક એટલે શું?
૬. શુદ્ધિ કેટલા પ્રકારની છે? ત્રીજી શુદ્ધિ લખો.
૭. પ્રતિક્રમણના મુખ્ય વિષય કેટલા છે? તેનાથી શેની શુદ્ધિ થાય છે?
૮. આંશિક કષાયના ત્યાગ કરનારનું પ્રતિક્રમણ ક્યારે થાય છે?
૯. કાયોત્સર્ગથી કયા તપની સાધના થાય છે? કાયોત્સર્ગના વિષય લખો.
૧૦. પાખી પ્રતિક્રમણ કયા દિવસે હોય છે?

(૨૦)

**પ્ર. ૨ (અ) સૂયગડાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. દર્શન સમાધિથી કોણ દૂર રહે છે?
૨. એકત્વ ભાવનું ચિંતન કેવી રીતે કરવાનું છે? કષાયનો ત્યાગ કેવી રીતે થાય છે?
૩. માર્ગ એટલે શું? ધર્મનો સાર શું છે? સંક્ષેપમાં સાધુ શેમાં આગળ વધે છે?

૪. સમવસરણ એટલે શું? આ અધ્યયનમાં સમવસરણ કયા અર્થમાં વપરાયો છે?

**૫. માત્ર સંખ્યા લખો.**

૧. અક્રિયાવાદીના દર્શન　　　　૨. વિનયવાદીના ભેદ

૩. દશવૈકાલિક સૂત્રમાં ભાવ સમાધિ　　　　૪. ૧૨ મા અધ્યયનની ગાથા

**(આ) ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. ૨, ૩, ૫, ૮, ૯, ૧૦ એ છ દાનના પ્રકાર લખો. (માત્ર નામ)

૨. ભગવાન મહાવીરના સમયમાં થયેલા અચ્છેરાના નામ લખો.

૩. પહેલી, બીજી, પાંચમી અને સાતમી પ્રવ્રજ્યા અર્થ સાથે લખો.

૪. પ્રત્યાખ્યાનના બીજો અને પાંચમો પ્રકાર લખો.

**૫. માત્ર સંખ્યા લખો.**

૧. દ્રવ્ય શસ્ત્ર　　　　૨. વૈતાઢય પર્વતના મૂળ ભાગની પહોળાઈ

૩. અસંયતિની પૂજા　　　　૪. છદ્મસ્થ ન જોઈ શકે તેવા દ્રવ્ય

(૧૦)

**પ્ર. ૩ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે એક વાક્યમાં જવાબ લખો.**

૧. કૃષ્ણ વાસુદેવના સમયમાં કયા નારદ હતા? તેમને કેટલી વિદ્યાઓ સિદ્ધ હતી?

૨. દ્રુપદ રાજાએ દહેજમાં શું આપ્યું?

૩. ધર્મરુચિ અણગાર કયું તપ કરતા હતા?

૪. કૃષ્ણ વાસુદેવે કયું રૂપ ધારણ કર્યું? તેનાથી પદ્મનાભે શું કર્યું?

૫. દ્રૌપદીએ અમરકંકામાં કઈ તપસ્યા કરી?

૬. સુકુમાલિકાના કેટલા લગ્ન થયા? તેના પહેલા પતિનું નામ શું હતું?

૭. સુકુમાલિકાએ સાધ્વીને આહાર–પાણી વહોરાવીને શું કહ્યું?

૮. ધાતકીખંડના વાસુદેવ કોણ હતા? તેમની પાસે કયો શંખ હતો?

૯. કયું તપ મોક્ષપ્રદ થતું નથી?

૧૦. નાગશ્રી બ્રાહ્મણીના શરીરમાં શું ઉત્પન્ન થયું? તે નરકમાંથી ક્યાં ગઈ?

(૨૦)

**પ્ર. ૪ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરો. (૬)**

૧. ગુણાણં ...... ભવે　　　　૨. ગઈ ...... લખણં

૩. ભૂયત્થે ...... નિસગ્ગો　　　　૪. દંસણ ...... નામ

**(૨) નીચેની ગાથાઓનો માત્ર ભાવાર્થ લખો. (૮)**

૧. નાણેણ જાણઈ ભાવે, દંસણેણ ય સદ્દહે । ચારિત્તેણ નિગિણ્હાઈ, તવેણ પરિસુજ્ઝઈ ॥

૨. એગેણ અણેગાઈં પયાઈ, જે પસરઈ ઉ સમત્તં । ઉદએવ્વ તેલ્લબિંદૂ, સે બિયરુઈ ત્તિ નાયવ્વો ॥

૩. અણભિગ્ગહિયકુદિટ્ઠી, સંખેવરુઈ ત્તિ હોઈ નાયવ્વો। અવિસારઓ પવયણે, અણભિગ્ગહિઓ ય સેસેસુ।।

૪. મોક્ખમગ્ગગઈં તચ્ચં, સુણેહ જિણભાસિયં । ચઉ કારણસંજુત્તં, નાણદંસણલક્ખણં ॥

**(૩) નીચેના પ્રશ્નોના એક શબ્દમાં જવાબ લખો. (૬)**

૧. મોક્ષમાર્ગનું અંગ શું છે?　　૨. આધારભૂત દ્રવ્ય કયું છે?　　૩. ગુણોનો આધાર શું છે?

૪. ઉપબૃંહણના કેટલા અર્થ છે?　　૫. સૂત્ર રુચિ કેટલી છે?　　૬. યથાખ્યાત ચારિત્ર કેવું છે?

૭. સમ્યક્ત્વ વિના શું હોતું નથી?　　૮. દ્રવ્યને આશ્રિત રહે તે શું?　　૯. જીવનું લક્ષણ શું છે?

૧૦. ત્રીજા જ્ઞાનનું નામ લખો.　　૧૧. શ્રુતજ્ઞાન યુક્ત શ્રદ્ધા તે કઈ રુચિ?

૧૨. સમ્યક્દર્શનની પ્રાપ્તિ શેના પર આધારિત છે?

(૨૦)

**પ્ર. ૫ ૨૩ પદવીના આધારે નીચેના પ્રશ્નના જવાબ લખો.**

૧. વૈતાઢ્ય પર્વતના મૂળમાં અને આયુધશાળામાં ઉત્પન્ન થતા રત્નો કેટલા છે? તેનું કાર્ય લખો.

૨. એકેન્દ્રિય પદવી કેટલી છે? પૃથ્વીકાયમાં કયા રત્ન આવે? તેની અવગાહના લખો.

૩. સ્ત્રી રત્ન ક્યાં ઉત્પન્ન થાય? ચક્રવર્તીને કેવી રીતે મળે? ત્યાં બીજા કયા રત્નો ઉત્પન્ન થાય?

૪. જે ત્રણ ખંડના ધણી હોય તેને કેટલી અને કઈ પદવી હોય?

૫. જેમની અવગાહના ચક્રવર્તીથી બમણી હોય તે કોણ? તેની અવગાહના કેટલી? તે કેટલી નરકમાંથી નીકળેલા હોઈ શકે? કઈ કઈ?

૬. કફમાં ઉત્પન્ન થતા જીવમાં કેટલી અને કઈ પદવીનો આવે?

૭. અંજનાના નારકીમાંથી નીકળેલા કેટલી અને કઈ પદવી પામે?

૮. સ્વલિંગ અને અન્યલિંગ એટલે શું?તેમાં કેટલી અને કઈ પદવી લાભે?

૯. વિભંગજ્ઞાનમાં કેટલી અને કઈ પદવી લાભે?

૧૦. સાતમી નરક, વર્તમાને ભરતના મનુષ્ય, વિજય અને રત્નમાં કેટલી અને કઈ પદવી લાભે?

(૧૦)

**પ્ર. ૬ નીચેના જીવોની માર્ગણા લખો. (કોઠો બનાવીને લખો.)**

૧. એક વેદી ત્રસમાં

૨. તિર્ચ્છાલોક નોગર્ભજમાં

૩. અચરમ બાદર પર્યાપ્તા

૪. પર્યાપ્ત જીવોમાં

૫. પ્રત્યેક શરીરી નોગર્ભજ મરનારમાં

૬. ઔદારિક તેજોલેશ્યામાં

૭. પ્રત્યેક શરીરી બાદર પર્યાપ્તામાં

૮. સમુચ્ચય અસંજ્ઞી ત્રસમાં

૯. એકાંત મિથ્યાદષ્ટિ મરવાવાળામાં

૧૦. કેવળીમાં

જય જિનેન્દ્ર

❋ Please conatact DSB helpline no. for online shreni study classes. 9702277914

❋ Please join our Telegram group. Contact DSB helpline no. 9702277914